- **મુદ્દા નં.૧૬ :– ઠરાવી શકાય તેવી અન્ય કોઈ માહિતી અને ત્યારબાદ દર વર્ષે આ પ્રકાશનોને અદ્યતન કરવી જોઈશે :– Such other information as may be prescribed and thereafter update these publications every year :-**

  સુરત શહેરની તમામ પે એન્ડ પાર્કના લોકેશન, ફૂટ ઓવર બ્રીજ, ગ્રેન્ટીની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.SURATMUNICIPAL.GOV.INપર મુકવામાં આવેલ છે તથા સમયાંતરે અદ્યતન કરવામાં આવે છે.

❖ **<u>ફુટ ઓવર બ્રીજનાફાયદા :–</u>**

- વધુ ટ્રાફિક ભારણના વિસ્તારોમાં વધુ સુરક્ષા
- સ્કુલે જતાં બાળકો, વરિષ્ઠ નાગરિકો અને અપંગ વ્યકિતઓમાં વધુ સુરક્ષાની ભાવના
- વાહન વ્યવહાર તેમજ રાહદારીઓ વચ્ચે ટ્રાફિકનાં કોન્ફલીકટ દૂર થાય.
- ટ્રાફિક કાયદાનાઅમલીકરણમાં સુધારવ્વ્વે
- અકસ્માતમાં ઘટાડો

સુરત શહેર વિસ્તારમાં ડી.બી.ઓ.ટી. (DBOT) ના ધોરણે એસ્કેલેટર/ લીફટ તેમજ અન્ય સુવિધા સહ બનાવવામાં આવેલ ફુટ ઓવર બ્રીજનાસ્થળોની યાદી :

અ.નં.	લોકેશન
૧	વરાછા મેઈનરોડ ચોપાટી પાસે (એસ્કેલેટર સાથે)
૨	એકેડમી સ્કુલ સ્વામીનારાયણ મંદિર પાસે, ઉધના – નવસારી રોડ (એસ્કેલેટર સાથે)
૩	માન દરવાજા ડો.બાબા સાહેબ આંબેડકરજીની પ્રતિમા પાસે
૪	ઈસ્કોન મોલ પાસે, સુરત – હુમસ રોડ (એસ્કેલેટર સાથે)
૫	પાલ રોડ નવી આર.ટી.ઓ. ઓફીસ પાસે
૬	'વાય' જંકશન વી.આર. મોલ પાસે (એસ્કેલેટર સાથે)
૭	અડાજણ GSRTC બસ પોર્ટની સામે, અડાજણ પાટીયા
૮	પત્રકાર કોલોની પાસે, પાંડેસરા, ઉધના ઝોન
૯	સુરત મહાનગરપાલિકાએ બનાવેલ હયાત એફ.ઓ.બી. (૨) નવી સીવીલ હોસ્પિટલ પાસે
૧૦	એ.પી.એમ.સી. માર્કેટ (સરદાર માર્કેટ) પાસે, કડોદરા મેઈનરોડ (ફલાય ઓવર બ્રીજના કામમાં નડતર રૂપ હોવાથી સક્ષમ સત્તાની મંજૂરીની આધિન એપ્રિલ–૨૦૨૬ માં ઉતારી પાડવામાં આવેલ છે.)
૧૧	સુરત મહાનગરપાલિકાએ બનાવેલ હયાત FOB (૧) અઠવા ચોપાટી પાસે (મેટ્રો કોરીડોરમાં નડતરરૂપ થતા મે–૨૦૨૫ માં ઉતારી પાડવામાં આવેલ છે.)

❖ **<u>સુરત મહાનગરપાલિકા ધ્વારા ૦૫ કુલ ગેન્ટ્રી બનાવવામાં આવેલ છે.</u>**

અ.નં.	ઝોનનું નામ	લોકેશન
૧	સેન્ટ્રલ ઝોન	આર.ટી.ઓ જંકશન
૨	સેન્ટ્રલ ઝોન	સબ જેલ પાસે
૩	સેન્ટ્રલ ઝોન	ફોરેન્સીક લેબ,ફાલસાવાડી,રીંગરોડ
૪	પૂર્વ ઝોન	જલારામ ફર્નિચરની સામે, કાપોદ્રા, વરાછા મેઈન રોડ
૫	અઠવા ઝોન	એવરસાઈન માર્બલ પાસે ઉધના મગદલ્લા રોડ

ટ્રાફિક –બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ ધ્વારા છેલ્લા ૨૦ (વીસ) વર્ષમાં કરેલકામગીરી વિગત

- સુરત શહેરના નાગરિકોને સુગમ અને સરળ યાતાયાત/પરિવહનના વિકલ્પો મળી રહે તે હેતુથી બી.આર.ટી.એસ. પ્રોજેકટ અંતર્ગત ૧૬૩ બસ શેલ્ટર સહિત ૧૦૮ કિ.મી. લંબાઈમાં બી.આર.ટી.એસ. કોરીડોર બનાવવામાં આવેલ છે તથા સદર રૂટ પર કુલ ૧૮૦ બી.આર.ટી.એસ. બસ અને ૫૭૫ સીટી બસ કાર્યરત કરવામાં આવેલ છે. વધુમાં સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ ૪૧૫ જગ્યાએ સીટી બસ સ્ટોપ બનાવવામાં આવેલ છે. બી.આર.ટી.એસ. બસ શેલ્ટરમાં જી.પી.એસ. સીસ્ટમ, પબ્લીક ઈન્ફોમેશન સીસ્ટમ તથા ઓટોમેટીક ફેરકલેકશન સીસ્ટમ જેવી અધતન ટેકનોલોજી કાર્યરત કરવામાં આવેલ છે તથા ૧૦૬૪ લોકેશન પર બસના રૂટની માહિતી દર્શાવતા માર્કર પોલ સીટી બસ સ્ટોપ પર ઉભા કરવામાં આવેલ છે.
- સીટી બસો/ બી.આર.ટી.એસ. બસોના ઓપરેશન અને મેઈન્ટેનન્સ માટે હાલમાં ૧૨ (બાર) સીટીબસ/બી.આર.ટી.એસ. બસ ડેપો કાર્યરત છે. તેમજ શહેરી પરિવહન સેવામાં વર્ષ–૨૦૨૦ થી શરૂ કરીને આજદિન સુધી કુલ–૪૫૦ ઈલેકટ્રીક બસો કાર્યરત કરવામાં આવેલ છે. ઈલેકટ્રીક બસોના ચાર્જીંગ માટે ઈલેકટ્રીક ચાર્જીંગ સ્ટેશન, પાર્કિંગ શેડ બસ ડેપો/ટર્મીનલ અને વર્કશોપ સહિત અલથાણ, પાલનપોર, ભેસ્તાન , પાલ તથા મગોબ ખાતે કુલ–૦૫(પાંચ) ઈલેકટ્રીક બસ ડેપો કાર્યરત છે.
- નોન મોટરાઈઝડ ટ્રાન્સપોર્ટ(NMT) હેઠળ પર્યાવરણની જાળવણી હેતુ તથા શહેરના નાગરિકોને લાસ્ટ માઈલ કનેકટીવીટી મળી રહે તે હેતુથી શહેરના જુદા–જુદા સ્થળો પર પબ્લીક બાયસીકલ શેરીંગ સીસ્ટમ હેઠળ કુલ ૧૨૦ ડોકીંગ સ્ટેશનનો પર કુલ ૧૨૬૭ બાયોસીકલો શહેરીજનો માટે કાર્યરત કરવામાં આવેલ છે.
- શહેરમાં વધતી જતી ટ્રાફિક સમસ્યાને હલ કરવાના ઉદ્દેશથી શહેરના અગત્યના ક્રિટીકલ ૭૯ ઈન્ટર સેકશનોની રીડીઝાઈન/જીયોમેટ્રીક ડીઝાઈનની કામગીરી SVNIT, સુરત પાસે કરાવવામાં આવેલ છે. જેનું અમલીકરણ સંલગ્ન ઝોન ધ્વારા કરવામાં આવે છે.
- સુરત શહેરમાં ૧૧ ફુટ ઓવર બ્રીજ પૈકી હાલમાં, ૧૦ (દસ) ફુટ ઓવર બ્રીજ ડી.બી.ઓ.ટી. ધોરણે એસ્કેલેટર/લીફટની સુવિધા સહિત કાર્યરત છે. અઠવા ચોપાટી ખાતેનો ફુટ ઓવર બ્રીજ મેટ્રો કોરીડોરમાં નડતરરૂપ થતાં ઉતારી પાડવામાં આવેલ છે.
- સુરત શહેરના વિવિધ વિસ્તારો/રસ્તાઓ પર બ્યુટીફીકેશનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગો/ ઝોનોની કામગીરી દરમ્યાન ઉત્પન્ન થતા સ્ક્રેપમાંથી શહરેના આઈલેન્ડ ચેનેલાઈઝર્સ, ખુલ્લી જગ્યામાં, ગાર્ડનમાં અલગ –અલગ થીમ પરથી સ્કલ્પચર બનાવીને પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.
- સુરત શહેરના અગત્યના કુલ ૨૧૫ ટ્રાફિક જંકશનો પર ૫૦૦+ AIઆધારિત Vehicle Defection Camera ની મદદથી અદ્યતન એડેપ્ટીવ ટ્રાફિક કંટ્રોલ સીસ્ટમ (ATCS) સજજ ટ્રાફિક સિગ્નલ કાર્યરત કરવામાં આવ્યા છે.
- સુરત શહેરના નાગરિકોના ટ્રાફિકના નિયમો અન્વયે શિષ્ટતા અને જાગૃતતા કેળવાય તે હેતુસર શહેરના અગત્યના કુલ ૧૨ ટ્રાફિક સિગ્નલ જંકશનો પર રેડ લાઈટ વાયોલેશન ડીટેકશન સીસ્ટમ (RLVD), ૧૭ સ્થળો પર ઓટોમેટીક નંબર પ્લેટ રેકોગ્નીશન (ANPR) સીસ્ટમ ૧૪ સ્થળો પર સ્પીડ વાયોલેશન ડીટેકશન (SVD) સીસ્ટમ તેમજ ૪૬ જંકશનો પર PTZ (PAN-Tilt Zoom) કેમેરા કાર્યરત કરવામાં આવેલ છે.
- ટ્રાફિક એન્ફોર્સમેન્ટ સીસ્ટમ (TES) એપ્લીકેશનને NIC (નેશનલ ઈન્ફોર્મેટીકસ સેન્ટર) દ્વારા વિકસાવવામાં આવેલ સોફટવેર સાથે ઈન્ટીગ્રેટ કરવામાં આવેલ છે. જેથી સુરત શહેર ટ્રાફિક પોલીસ વિભાગ ધ્વારા ઉલ્લંઘન માટે ઈ–ચલણ જનરેટ કરી શકાય.
- સુરત મહાનગરપાલિકા (SMC) અને GIZ (Deutsche Gesell schaft fur Internationale Zusammenarbeit) વચ્ચે ઈન્ડો–જર્મન વિકાસ સહયોગ અંતર્ગત (i) સુરત સીટીલીંક ધ્વારા સંચાલીત ઈલેકટ્રીક બસો તેમજ ચાર્જીંગ ઈન્ફ્રાસ્ટ્રકચરને વધુમાં વધુ કાર્યક્ષમ રીતે ઉપયોગ કરી શકાય તે હેતુસર સોફટવેર વિકસાવવાની તેમજ Opportunity Charging Facility કાર્યરત કરવાની (ii) સુરત શહેરના નાગરિકોને તમામ રૂટ પર ઓછામાં ઓછી રાહ જોવી પડે તે રીતે બસનું શીડયુલીંગ કરવા અંગેના સોફટવેર વિકસાવવાની કામગીરી.